# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ – ૩૮૦૦૦૬

ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩, ૨૬૫૭૮૧૬૧, ૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

**Web : www.incgujarat.com** **E-mail : gpcc1234@gmail.com**


૦૬-૦૬-૨૦૨૫

અખબારી યાદી

- ગુજરાત કોંગ્રેસના પ્રતિનિધિ મંડળ દ્વારા ચૂંટણી પંચને સ્થાનિક સ્વરાજ ગ્રામ પંચાયત ચૂંટણીઓ અંગેની ફરિયાદ અને રજૂઆત.

- રાજ્ય ચૂંટણી આયોગ કમિશનર શ્રી મુરલી ક્રિષ્નાએ રજૂઆત સાંભળ્યા બાદ તાત્કાલિક સંબંધિત ચૂંટણી અધિકારીઓને ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ઉમેદવારો પાસે નિયમ મુજબ માત્ર એકરારનામું લેવા આદેશ જાહેર કર્યો.

- જો કોઈ ચૂંટણી અધિકારી નિયમ વિરુદ્ધ દાખલાઓ માંગવાની માગણી કરશે તો તેમના પર શિક્ષાત્મક પગલાં લેવાશે.

- ચૂંટાયેલા સાંસદો અને ધારાસભ્યો દ્વારા જનતાના ટેક્સના રૂપિયા જે સુખાકારી માટે વાપરવામાં આવતા હોય તે ભંડોળમાંથી ગામોને સમરસ કરવા માટે રૂપિયા પાંચ લાખની ગ્રાન્ટ આપવાની  જાહેરાતો કરવામાં આવે છે જે લોકશાહી વિરુદ્ધની છે.

આજ રોજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઇલેક્શન કોર્ડીનેશન કમિટીના ચેરમેન શ્રી બાલુભાઈ પટેલ, લીગલ સેલ ના ચેરમેન એડવોકેટ શ્રી યોગેશભાઈ રવાણી તથા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કોર્ડીનેટર અને પ્રવક્તા હેમાંગ રાવલ સહિતન પ્રતિનિધિ મંડળે રાજ્ય ચૂંટણી આયોગની મુલાકાત લઈ તાજેતરની જાહેર થયેલ ગ્રામ પંચાયતની ચૂંટણીઓ બાબતે સમગ્ર ગુજરાતમાંથી આવેલ ફરિયાદો અંગે આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મિડીયા કોર્ડીનેટર અને પ્રવક્તા હેમાંગ રાવલે જણાવ્યું હતું કે ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષથી ૪૦૦૦ જેટલી ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ કરવામાં આવી ન હતી અને તેઓને લોક પ્રતિનિધિ થી મુક્ત રાખવામાં આવી હતી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી શક્તિસિંહજી ગોહિલ અને વિધાનસભા વિરોધ પક્ષના નેતા શ્રી અમિત ચાવડા દ્વારા ઉગ્ર રજૂઆતો કરાતા ચૂંટણી પંચ દ્વારા 8326 ગ્રામ પંચાયતની ચૂંટણી જાહેર કરવામાં આવી છે.

ગુજરાત કોંગ્રેસે ભાજપ સરકારના મંત્રી અને તેમના મળતીયાઓના સમગ્ર ગુજરાતમાં ગામડાઓમાં મનરેગાના કરોડો રૂપિયાના કૌભાંડ ઉજાગર કર્યા હતા. ગામડાની સત્તા એ કરોડો રૂપિયાના ભ્રષ્ટાચાર કરવા માટે ચાવીરૂપ હોવાથી ગામડાની જનતાને પોતાનું અસલ પ્રતિનિધિત્વ ના મળી રહે તેવા વિવિધ પ્રયત્નો થઈ રહ્યા છે.

ચૂંટણી પંચ દ્વારા જે ફોર્મ બહાર પાડવામાં આવ્યું છે તેની સાથે સરપંચના ઉમેદવાર કે ગ્રામ પંચાયતના ઉમેદવારને ગેરકાયદેસર રીતે, કાયદામાં અને બંધારણમાં જોગવાઈ ન હોવા છતાં વિવિધ ડોક્યુમેન્ટ અને વિવિધ દાખલાઓ માગવામાં આવી રહ્યા છે. જેથી કરીને તેઓ ઉમેદવારોથી વંચિત રહે.

આમ જે પ્રમાણે ચૂંટણી અધિકારીઓ દ્વારા ફોર્મની સાથે જે બીડાણની નકલો માગવામાં આવી રહી છે તે સંપૂર્ણ રીતે ગેરકાયદેસર અને બંધારણની વિરુદ્ધની માગણી છે.

એક તરફ  વધુ ને વધુ ગામડાઓને સામ દામ દંડ ભેદ અપનાવીને સમરસ કરવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે અને બીજી તરફ સાચા લોક પ્રતિનિધિઓ ચૂંટણી લડવા માંગે છે તો તેમની પાસે વિવિધ પ્રકારના દાખલાઓ અને ડોક્યુમેન્ટ માગીને નિયમ વિરોધ હેરાન પરેશાન કરવામાં આવી રહ્યા છે. કેટલીક જગ્યાએ આવા દાખલા અને ડોક્યુમેન્ટ ન હોય તો તેમના ફોર્મ પણ સ્વીકારવામાં આવતા નથી તેવી પણ ફરિયાદો મળેલ છે. ગામડાઓની અંદર કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરવા માટે થઈને આ એક પ્રકારનો વ્યવસ્થિતપૂર્વકનો કારસો રચાયો હોય તેવું લાગી રહ્યું છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ના પ્રતિનિધિ મંડળે ચૂંટણી પંચ કમિશનર શ્રી મુરલી ક્રિષ્ના પાસે ન્યાયિક માગ કરી કે તેમના જવાબદાર ચૂંટણી અધિકારીઓને ઉપરોક્ત બાબતનો દિશા નિર્દેશ આપવામાં આવે કે ઉમેદવાર પાસે કોઈપણ પ્રકારના કાયદા વિરુદ્ધના ડોક્યુમેન્ટ કે દાખલાઓની માંગણી કરવી જોઈએ નહીં અને કાયદા મુજબ લોકશાહીને મજબૂત કરવા ભારતના ૨૧ વર્ષથી ઉપરના દરેક નાગરિક કે જેઓ ઉમેદવારી કરવા ઈચ્છે છે તેમના ફોર્મ સ્વીકારવા તથા જરૂરી છે તથા ફોર્મ ચકાસણી વખતે પણ આજ કટિબદ્ધતા જાળવવી જરૂરી છે.

ચૂંટણી કમિશનર શ્રી મુરલી ક્રિષ્નાએ કોંગ્રેસ પક્ષની રજૂઆત સામે સકારાત્મક અભિગમ અપનાવતા તાત્કાલિક સંબંધિત ચૂંટણી અધિકારીઓને ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ઉમેદવારો પાસે નિયમ મુજબ માત્ર એકરારનામું લેવા આદેશ જાહેર કર્યો હતો અને જો કોઈ ચૂંટણી અધિકારી નિયમ વિરુદ્ધ દાખલાઓ માંગવાની માગણી કરશે તો તેમના પર શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે તેવી ખાતરી આપી હતી.

આ સિવાય પ્રતિનિધિ મંડળે રજૂઆત કરી હતી કે કેટલાક ચૂંટાયેલા સંસદસભ્યો (સાંસદ) અને વિધાનસભાના સભ્યો (ધારાસભ્યો) અમુક ગામોમાં જાહેરાત કરી રહ્યા છે કે, જે ગામોમાં બિનહરીફ પંચાયત હશે, તેમને ખાસ ગ્રાન્ટ તરીકે રૂ. ૫ લાખ મળશે.

મિતેશભાઈ પટેલ, સાંસદ, આણંદ અને હસમુખભાઈ પટેલ, જિલ્લા પંચાયત, આણંદના પ્રમુખના નામે અખબારમાં પ્રકાશિત થયેલી આવી બે અખબાર જાહેરાતોની કોપી સાથે લેખિત ફરિયાદ કરવામાં આવી હતી તથા માગણી કરવામાં આવી હતી કે જે પંચાયતોમાં બિનહરીફ પંચાયત હશે, તેમને રૂ. ૫ લાખની વધારાની ગ્રાન્ટ આપવાની આ જાહેરાત મનસ્વી, ભેદભાવપૂર્ણ અને લોકશાહી મૂલ્યોની વિરુદ્ધ છે. તે ગ્રામજનોને ચૂંટણી ન લડવા માટે લલચાવવા સમાન છે. પ્રસ્તાવિત ઉમેદવારો દ્વારા ફક્ત રૂ. ૫ લાખની ગ્રાન્ટ મેળવવાના હેતુથી, ઉમેદવારી પાછી ખેંચી લેવામાં આવિ રહી છે. આ જાહેરાત લોકશાહી મૂલ્યની વિરુદ્ધ છે; તે ચૂંટણી પ્રક્રિયાને ભ્રષ્ટ કરવા સમાન છે અને લોકશાહીના મૂલ્યની વિરુદ્ધ છે. તેથી, ચૂંટણી પંચને વિનંતી કરવામાં આવે છે કે તેઓ દ્વારા  અનુદાન (ગ્રાન્ટ) ન આપવા માટે માર્ગદર્શિકા જારી કરવામા આવે.

ચૂંટણી પંચ દ્વારા ઉપરોક્ત ફરિયાદને ધ્યાને લઈને તપાસના આદેશ પણ આપવામાં આવ્યા હતા.

હેમાંગ મહિપતરામ રાવલ
મીડિયા કોર્ડીનેટર અને પ્રવક્તા
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
૯૮૯૮૨૩૩૦૩૮

બિડાણ :

* ગ્રામ પંચાયતના ઉમેદવારો પાસે માગવામાં આવતા ગેરકાયદેસર દાખલાઓ માટેની ફરિયાદની કોપી

* સાંસદો અને ધારાસભ્ય દ્વારા ગ્રાન્ટનું પ્રલોભન આપીને ચૂંટણી ને પ્રભાવી કરવા સામે પગલાં લેવા માટેની ફરિયાદની કોપી

* ચૂંટણી કમિશનર દ્વારા તાત્કાલિક અસરથી ચૂંટણી અધિકારીઓને માત્ર સેલ્ફ ડેકલેરેશનથી ઉમેદવારોના ફોર્મ લેવા સંદર્ભે કરેલ આદેશ ની કોપી